# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટીઆરપી ગેમઝોનમાં બનેલ આગની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતોના આત્માઓને શાંતિ અર્થે ભાવપુર્ણ શ્રધ્ધાંજલી અર્પી પ્રાર્થનાસભા યોજવામાં આવેલ...**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટના કાલાવાડ રોડ પર આવેલ ટીઆરપી ગેમઝોનમાં ભયાનક આગ લાગવાથી દુર્ભાગ્યપુર્ણ ઘટના સર્જાઈ હતી. રાજકોટ માટે આ ઘટના અત્યંત દુઃખ દાયક હોય. આ ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતોના આત્માને શાંતી અર્થે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા.૧-૬-૨૦૨૪, શનિવારના રોજ સાંજના ૪-૩૦ થી ૬-૦૦, રાષ્ટ્રીય શાળા પ્રાર્થના ખંડ ખાતે ભાવપુર્ણ શ્રધ્ધાંજલી અર્પી પ્રાર્થનાસભા યોજવામાં આવેલ હતી.

આ પ્રાર્થનાસભામાં રાજકોટ ચેમ્બરના હોદેદારો-કારોબારી સભ્યો, સાંસદ સભ્યશ્રી રામભાઈ મોકરીયા, શ્રી મોહનભાઈ કુંડારીયા, ગુજરાત ગૌ સેવા આયોગના પુર્વ ચેરમેનશ્રી વલ્લભભાઈ કથીરીયા, ધારાસભ્યશ્રીમતી ડો. દર્શિતાબેન શાહ, શ્રી મુકેશભાઈ દોશી, વિરેન્દ્રસિંહ ઝાલા, તેમજ બહોળી સંખ્યામાં વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ, વેપાર-ઉધોગકારો ઉપસ્થિત રહીને મૃતકોને શ્રધ્ધાંજલી અર્પણ કરેલ.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ આ દુર્ઘટનામાં જે લોકો મૃત્યુ પામ્યાં છે તેઓને ઈશ્વર શાંતિ અર્પે અને જે લોકો ઈજાગ્રસ્ત થયા છે અને સારવાર હેઠળ છે તેઓ ઝડપથી સાજા થાય તે માટે હ્રદયપૂર્વક પ્રાર્થના કરી આપણે સૌ સાથે મળીને એક બીજાના દુખના સહભાગી બની રાજકોટે ગુમાવેલા સ્વજનોને આપણા પોતીકા સ્વજનો ગણીને મૃત્યુ પામેલા દિવંગતો પ્રત્યે ઘેરા શોક અને દુઃખની લાગણી વ્યકત કરીને મૃતકોના પરિવારજનો ઉપર આવી પડેલ આ વિયોગનું દુઃખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે. સાથો સાથ આ દિવંગતોના આત્માઓની પાછળ રાજકોટ પાંજરાપોળ અને સદભાવના ટ્રસ્ટમાં ૧૧૧૧ મણ લીલો ઘાસચારો મોકલીને અનુકરણીય પગલું લીધેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.